BUSINESS મિત્ર

એશિયન બજારોમાં સુનામી: દક્ષિણ કોરિયામાં 7.8%નો મોટો કડાકો

નિક્કી 3% ગગડ્યો

રોકાણકારો સુરક્ષિત ગણાતા સોના-ચાંદી તરફ વળ્યા

મુંબઈ, તા. 3: ઈરાનમાં ચાલી રહેલા તણાવ અને પ્રાદેશિક ઉર્જા પુરવઠાની તેની સંભવિત અસર પર રોકાણકારોએ પ્રતિક્રિયા આપતા એશિયન શેરોમાં ઘટાડો નોંધાયો હતો. તમામ એશિયન બજારોમાં ઘટાડો જવા મળ્યો હતો. જેમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી સૌથી વધુ તૂટયો હતો. વિશ્લેષકોએ નોંધ્યું હતું કે, જાપાન જે હોર્મુઝની સામુદ્રધુની દ્વારા ક્રુડ અને ક્રુદરરતી ગેસનો શિપમેન્ટ પર ભારે આધાર રાખે છે, તેને પુરવઠાના પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો કે, દેશમાં 200 દિવસથી વધુ ઉર્જાનો સંગ્રહ કરવાનો અર્થ એ છે કે તાત્કાલિક ખતરો મર્યાદિત છે.

સતત બીજા દિવસે એશિયન શેરબજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. મધ્ય પૂર્વમાં ચાલી રહેલી લડાઈએ રોકાણકારોને ચિંતામાં મૂકી દીધા છે, જેના કારણે તેઓ વેચાણ કરવા લાગ્યા છે. એશિયા પેસિફિક ઈન્ડેક્સ લગભગ 3 ટકા નીચે હતો. દક્ષિણ કોરિયન સ્ટોક એક્સચેન્જમાં 7.24 ટકાનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ગઈકાલે ભારત સહિત એશિયન બજારોમાં પણ ઘટાડો થયો હતો. સિંગાપોરમાં વેન્ટેજ પોઈન્ટ એસેટ મેનેજમેન્ટના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર નિક ફેરેસે જણાવ્યું હતું કે, મોટો રોકાણ પ્રશ્ન ફક્ત ઈરાનનો નથી, પરંતુ શું સંઘર્ષ વધશે, જેનાથી અન્ય બજારો પર અસર થશે. ગઈકાલે રાત્રે, એવું લાગતું હતું કે સંઘર્ષ લાંબો સમય ચાલશે નહીં. જોકે, તે વધુ પડતું આશાવાદી છે.

જે સંઘર્ષ શાંત થવાને બદલે, તે વધતો જતો દેખાય છે. ઈરાને સાઉદી અરેબિયાના રિયાધમાં યુએસ દૂતાવાસ પર હુમલો કર્યો. તેણે હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે બંધ કરવાની ધમકી પણ આપી છે. વિશ્વના ક્રૂડ ઓઈલ સપ્લાયનો લગભગ ૨૦% હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. તેના બંધ થવાથી ક્રૂડ ઓઈલ સપ્લાય પર અસર પડશે, જે સંભવતઃ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો કરશે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ પહેલાથી જ 79 ડોલર પ્રતિ બેરલને વટાવી ગયું છે. 2 માર્ચે, તે 7 ટકાથી વધુ ઉછળ્યું.

આજરોજ જાપાનનો અગ્રણી શેરબજાર સૂચકાંક, નિક્કી 3.08 ટકા નીચે હતો. હેંગ સેંગ સૂચકાંક 1.05 ટકા નીચે હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 7.81 ટકા નીચે હતો. સંઘાઈ કમ્પોઝિટ 1.43 ટકા નીચે હતો. જકાર્તા કમ્પોઝિટ 0.42 ટકા નીચે હતો. સિંગાપોરનો સ્ટ્રેટ ટાઈમ્સ એશિયામાં એકમાત્ર વધતો સૂચકાંક હતો, જે 0.81 ટકા વધ્યો.

ગઈકાલે યુએસ બજારો મિશ્ર બંધ થયા. જોકે, યુરોપિયન બજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. યુકેનો એફટીએસઆઈ 1.21 ટકા ઘટ્યો, ફ્રાન્સનો કેક 2.22 ટકા ઘટ્યો, અને જર્મનીનો ડેક્સ 2.2 ટકા ઘટ્યો. નિષ્ણાતો કહે છે કે મધ્ય પૂર્વમાં દુશ્મનાવટ ફાટી નીકળવાની અસર વિશ્વભરના શેરબજારો પર પડી છે. રોકાણકારો શેરબજાર જેવી જોખમી સંપત્તિઓમાંથી પૈસા ઉપાડી રહ્યા છે અને સોના અને ચાંદીમાં રોકાણ કરી રહ્યા છે, જેના કારણે સોના અને ચાંદીમાં વધારો થયો છે.

યુદ્ધના ફફડાટ વચ્ચે ચાંદીમાં 10%નો કડાકો

સોનાના ભાવમાં પણ ઘટાડો નોંધાયો: જ્યારે ક્રુડના ભાવમાં 9 ટકાનો ઉછાળો જોવાયો

બ્રેન્ટ ક્રૂડ 85 ડોલરની આસપાસ

મુંબઈ, તા. 3: પશ્ચિમી એશિયામાં તણાવ વધતો જોવા મળી રહ્યો છે, આ યુદ્ધ કેટલું ચાલશે તે અંગે હજુય એક સવાલ અકબંધ છે આમ છતાં, આંતરરાષ્ટ્રીય સ્તરે ચાંદીના ભાવ ક્રેશ થતા જોવા મળ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી 80 ડોલરની આસપાસ ટ્રેડ કરી રહ્યા છે, તેમાં લગભગ 10 ટકાનો ઘટાડો નોંધાયો હતો. આજે હોળી-ધૂળેટીના તહેવાર નિમિત્તે શેરબજાર તથા એમસીએક્સ બંધ રહ્યા હતા. જે આવતીકાલે હાજર ભાવ જાહેર થશે, પણ માનવામાં આવી રહ્યું છે કે, ભારતમાં પણ આવતીકાલે સોનુ-ચાંદી નબળા સ્તરે ખુલી શકે છે. આજે ક્રુડના ભાવમાં લગભગ 9 ટકાનો વધારો થયો હતો અને બ્રેન્ટ ક્રૂડ 85 ડોલરની આસપાસ પહોંચ્યો હતો. તેનાથી વિપરીત, સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. સોનું 5111 ડોલર પ્રતિ ઔંસની નીચે લપસી ગયું હતું, જે લગભગ 4 ટકાનો ઘટાડો દર્શાવે છે. જો કે, બાદમાં સોનું અને ચાંદી બંનેમાં થોડી રિકવરી જોવા મળી હતી. આજે સાંજના સમયે ચાંદી 7 ટકા અને સોનું લગભગ 1.55 ટકા ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યું હતું. સામાન્ય રીતે, ભૌગોલિક રાજકીય તણાવના સમયમાં સોના અને ચાંદી જેવી સલામત સંપત્તિ પર રોકાણ વધતું હોય છે.

વોલ સ્ટ્રીટમાં 1200 પોઈન્ટ્સનો કડાકો

એરલાઇન કંપનીઓના શેરમાં પણ 4 ટકાથી 6 ટકા સુધીનો ઘટાડો નોંધાયો

ન્યૂયોર્ક, તા. 3 (એપી): ઈરાન સાથેના યુદ્ધના વ્યાપ અને તેની અર્થતંત્ર પર પડનારી લાંબા ગાળાની અસરોની ચિંતામાં મંગળવારે વોલ સ્ટ્રીટ સહિત સમગ્ર વિશ્વના શેરબજારોમાં મોટો કડાકો જોવા મળ્યો હતો.

એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ 2.4 ટકા ઘટ્યો છે, જે ઓક્ટોબર પછીનો તેનો સૌથી ખરાબ દિવસ છે. ડાઉ જોન્સમાં પણ 1,232 પોઈન્ટ્સનો ધરખમ ઘટાડો થયો છે. બજારની આ નકારાત્મકતા પાછળનું મુખ્ય કારણ તેલના ભાવમાં થયેલો તોતિંગ ઉછાળો છે; બ્રેન્ટ ક્રૂડ 7.8 ટકા વધીને 83.84 ડોલર પર પહોંચ્યું છે.

ઈરાન દ્વારા સાઉદી અરેબિયામાં અમેરિકી એમ્બેસી પર હુમલો અને હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાની ધમકીએ રોકાણકારોમાં ફાળ પાડી છે. તેલના ભાવ વધવાથી ફુગાવો વધશે, જેનાથી અમેરિકી પરિવારો અને વ્યવસાયો પર આર્થિક બોજ વધવાની ભીતિ છે.

એરલાઇન કંપનીઓના શેરમાં પણ 4 ટકાથી 6 ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. માત્ર અમેરિકા જ નહીં, દક્ષિણ કોરિયાના કોસ્પીમાં 7.2 ટકા અને જર્મનીના ડેક્સમાં 3.9 ટકાનો ઘટાડો થયો છે. વધતા ફુગાવાને કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરવામાં વિલંબ કરી શકે છે, જેણે બજારની અનિશ્ચિતતામાં વધારો કર્યો છે.

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલસર/કેપલોન	રૂા.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
લોકલ		૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૮/૩૬	૧૧૯	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૩૬ રોટો.	૧૧૬	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
		૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફલાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૮૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૬૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૮૧૫૦
તેજાબી સોનું	૧૬૮૦૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૯૭૪૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૬૪૭૮૦
સોનાનાં બિસ્કીટ	૧૬૮૧૫૦૦
ચાંદી (૯૯૯)	૨૬૯૧૦૦
ચાંદી સિક્કા	૨૭૦૬૦૦

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઇ- ટેન્ડરીંગ જાહેરાત
વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૧૨૬૩/૨૫-૨૬	પા.પુ.(ઇલે.મિકે.)	૦૧	૭૪,૬૩,૪૭૨/-
૨	૧૨૬૬/૨૫-૨૬	પા.પુ.(વિતરણ)	૦૫	3,00,00,000/-
૩	૧૨૬૮/૨૫-૨૬	રોડ પ્રોજેક્ટ	૦૨	૩,૧૪,૬૩,૫૮૨/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૧૨૭૨/૨૦૨૫-૨૬ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

ધરમપુર નગરપાલિકા ધરમપુર જી. વલસાડ
જાહેર નિવિદા નં.૩૦/૨૦૨૫-૨૬
ભારત સરકારશ્રીના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત ધરમપુર શહેરનો સર્વે હાથ ધરવામાં આવનાર છે. ધરમપુર શહેર હાલમાં ઓપન ડેફીનેશન ફ્રી સીટી માટેનું "ODF++" સર્ટીફીકેટ ધરાવે છે. હાલમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં ઉચ્ચ ક્રમાંક સારું શહેરને "SBM Water Plus" સર્ટીફીકેટ મેળવવાનું થાય છે. જે અંતર્ગત ધરમપુર શહેરમાંથી ઉત્પન્ન થતા વેસ્ટ વોટરના ટ્રીટમેન્ટ અને તેના સબંધિત તમામ પાસાઓની ધરમપુર શહેર પૂર્તતા કરતુ હોઈ ધરમપુર નગરપાલિકા "SBM Water Plus" સર્ટીફીકેટ અંગે દરખાસ્ત કરવા માટે કાર્યવાહી કરી રહેલ છે. જે અન્વયે શહેરના તમામ નાગરિકો/સંસ્થાઓ પાસેથી વાંધા - સૂચનો મંગાવવામાં આવે છે. નાગરિકો/સંસ્થાઓ તેઓના વાંધા-સૂચનો આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૭ સુધીમાં ચીફ ઓફિસર, ધરમપુર નગરપાલિકા, ધરમપુર-૩૯૬૦૫૦, જી. વલસાડ ને સરનામે મોકલી શકશે.
"મારું ધરમપુર સ્વચ્છ ધરમપુર"
ચીફ ઓફીસર ધરમપુર નગરપાલિકા — પ્રમુખ ધરમપુર નગરપાલિકા
નં. માહિતી/વલસાડ/૯૪૮/૨૦૨૬

RAJHANS®
ગોપીતળાવ નવસારી બજાર, સુરત
સત્ય ઘટના પર આધારિત
ધ કેરળ સ્ટોરી-2
ઉલ્કા ગુપ્તા, આદિતિ ભાટીયા, ઐશ્વર્યા ઓઝા
૯.૪૫, ૧૧.૦૦, ૧૨.૦૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૭.૩૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦
ઓ રોમિયો
૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, રાત્રે ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
ડ્રીમ માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
: 99984 46007 : @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm
ધ કેરળ સ્ટોરી-2 — ૯.૦૦, ૬.૩૦,૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૦૦, ૧.૨૦, ૨.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૭.૦૦, ૭.૩૦, રાત્રે ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
ઓ રોમિયો — ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૩૦, ૨.૨૦, ૩.૨૦, ૫.૧૦, રાત્રે ૯.૨૫, ૧૦.૦૦, ૧૧.૦૦
દો દિવાને શહર મેં — ૯.૨૦, ૧૨.૦૦, ૨.૩૦, રાત્રે ૯.૩૫
બોર્ડર-2 ૨.૪૦, ૩.૫૦ | મર્દાની-3 ૧૨.૦૦, ૭.૩૦ | લાલો: શ્રીકૃષ્ણ સદા સહાયતે ૧૧.૨૫, ૫.૦૦ | શક્તિ ગુજરાતી : ૪.૩૦
બેહદ સવારે ૯.૩૦, રાત્રે ૮:૩૦ | લગન લાગી રે ગુજરાતી : ૨.૦૦, ૫.૪૫, ૬.૨૦ | કખગઘ (ગુજરાતી) સવારે ૯.૨૦ | શતક ૧૨.૧૫, ૭.૩૦

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
સત્ય ઘટના પર આધારિત
ધ કેરળ સ્ટોરી-2
* ઉલ્કા ગુપ્તા * આદિતિ ભાટીયા * ઐશ્વર્યા ઓઝા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
ગુજરાતી પારિવારિક ફિલ્મ
તુ દુનિયા છે મારી
* વિક્રમ ઠાકોર * રિયા જયવાલ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

પશ્ચિમ રેલવે
વિવિધ કામગીરી
ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008, ઈ-ટેન્ડર નોટિસ નં: BCT/25-26/331, તા.27.02.2026 આમંત્રિત કરે છે. કામ અને સ્થળ: પશ્ચિમ રેલવેના ઉકાઈસોનગઢ - જલગાંવ વચ્ચે ટોટલ સ્ટેશન, DGPS સર્વે, ઓર્થોમોઝેઈક, બેન્ચ માર્ક ટ્રાન્સફરિંગ, યાર્ડ પ્લાન તૈયાર કરવા વગેરેનો ઉપયોગ કરીને સહાયક વિસ્તારના કો-ઓર્ડિનેટ્સ સાથે ટોપોગ્રાફિકલ સર્વેક્ષણ હાથ ધરવું. કામની અંદાજિત કિંમત: રૂ. 24,05,000/-. EMD: રૂ. 48,100/-. સબમિશનની તારીખ અને સમય: 27.03.2026, 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: 27.03.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ સ્વીકારવામાં આવશે નહીં. 1189
અમને અહીં લાઈક કરો facebook.com/WesternRly

વ્યારા નગરપાલિકા - વ્યારા, જી. તાપી
જાહેર ખબર
SWACHH SURVEKSHAN 2024
ભારત સરકારશ્રીનાં આવાસ અને શહેરી બાબતોનાં મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત ગત વર્ષે યોજાયેલ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં ODF City માટેનું "SBM Water Plus" સર્ટિફિકેટનો ઉચ્ચ દરજ્જો વ્યારા શહેરએ હાંસલ કરેલ છે. ચાલુ વર્ષે સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં વ્યારા નગરપાલિકાને રાજ્ય સરકારશ્રી મારફતે સરકારશ્રીની માર્ગદર્શિકાનાં કાયદેરીયા અનુસાર "ODF City" માટેનું "SBM Water Plus" સર્ટિફિકેટ" મેળવવાની કાર્યવાહી હાથ ધરેલ છે. જે અન્વયે શહેરનાં તમામ નાગરિકો/સંસ્થાઓ પાસેથી વાંધા-સૂચનો મંગાવવામાં આવે છે. નાગરીકો/સંસ્થાઓ તેઓનાં વાંધા-સૂચનો આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૫ સુધીમાં નીચેનાં સરનામે મોકલી શકશે.
સરનામું :- વ્યારા નગરપાલિકા, નગર સેવા સદન સર્કીટ હાઉસની સામે કોલેજ રોડ, વ્યારા, જીઃતાપી
"મારું વ્યારા મારું ગૌરવ"
"ચાલો વ્યારાને દેશનું સૌથી સ્વચ્છ શહેર બનાવીએ"
(વંદનાબેન બી. ડોબરિયા) ચીફ ઓફિસર વ્યારા નગરપાલિકા — (દિલીપભાઈ જાદવ) ચેરમેન કારોબારી સમિતિ વ્યારા નગરપાલિકા — (રીતેશભાઈ ઉપાધ્યાય) પ્રમુખ વ્યારા નગરપાલિકા
કમાંકઃ માહિતી-સૂરત/૧૫૭૯/૨૦૨૬

નવસારી મહાનગરપાલિકા, નવસારી
જાહેર નિવિદા
આથી જાહેર જનતાને જણાવવાનું કે, નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ અને સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રક્રિયાઓ લાગુ કરવા બાબત.

અનુ. નં.	નિયમો/રૂલ્સ	ઠરાવ નં. અને તારીખ	ઠરાવની વિગત	કરવામાં એક વાર કે તેથી વધુ વખત દંડની જોગવાઈ	નોંધણી ફી
૧	સોલીડ વેસ્ટ મેનેજમેંટ રૂલ્સ (SWM- ૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮)	નવસારી મહાનગરપાલિકા વહીવટદારશ્રીના ઠરાવ નં.૧૪૫ તા.૧૧/૦૭/૨૦૨૫	રસ્તા પર કાચરો બાળનાર કે નાખનાર ઈસમો પાસેથી દંડ વસૂલ કરવાની જોગવાઈ	રૂ.૫૦/- થી રૂ.૨૫૦/- સુધી	--
૨	પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેંટ રૂલ્સ-૨૦૧૬ના પેટા નિયમો-૨૦૧૮		પ્લાસ્ટિક ઉત્પાદન અને વેચાણ કરવા માંગતા ઈસમોને નોંધણી કરાવી તથા ગેરકાયદેસર પ્લાસ્ટિકનું વેચાણ કરનાર ઈસમો પાસેથી વહીવટી ચાર્જ/દંડ વસૂલ કરવાની જોગવાઈ	રૂ.૫૦૦/- થી રૂ.૫૦૦૦/- સુધી	રૂ.૫૦૦/- થી રૂ.૫૦૦૦/- સુધી
૩	કન્સ્ટ્રક્શન એન્ડ ડિમોલેશન (&) વેસ્ટ મેનેજમેંટ રૂલ્સ ૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮		બાંધકામ અને તોડફોડ કરનાર ઈસમોએ નોંધણી કરાવવી તથા નોંધણી ન કરાવનાર ઈસમો પાસેથી વહીવટી ચાર્જ/દંડ વસૂલ કરવાની જોગવાઈ	રૂ.૫૦૦/- થી રૂ.૩૦૦૦/- સુધી	રૂ.૧૦૦/- થી રૂ.૫૦૦/- સુધી

માહિતી/નવસારી/૭૩૨/૨૦૨૬

ઈરાનનાં બચૂકડાં મિસાઈલો અમેરિકાના રાક્ષસી એરક્રાફ્ટ કેરિયરનો નાશ કરી શકે છે



મધ્ય પૂર્વમાં અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલો લશ્કરી તણાવ હવે સમગ્ર પ્રદેશમાં ફેલાઈ ગયો છે. ઈરાને યુએઈ સહિત પશ્ચિમ એશિયાના અન્ય દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરવાનું ચાલુ રાખ્યા છે. જો પરિસ્થિતિ યથાવત રહે તો આ લશ્કરી મુકાબલો મોટા પ્રાદેશિક સંઘર્ષમાં પરિણમી શકે છે. દરમિયાન, ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે તેણે અમેરિકન નેવીના રાક્ષસી યુદ્ધ જહાજ અબ્રાહમ લિંકનને નિશાન બનાવ્યું છે. સોશિયલ મીડિયામાં ધુમાડાના ગોટેગોટામાં લપટાયેલા યુદ્ધજહાજના વીડિયો ફરી રહ્યા છે. આજનું યુદ્ધ ડ્રોન અને મિસાઇલો વડે લડાય છે. આ પ્રકારના યુદ્ધમાં રાક્ષસી કાયા ધરાવતા યુદ્ધજહાજો ચિંતાનું કારણ બની જાય છે, કારણ કે મામૂલી મિસાઈલ વડે પણ તેનો નાશ કરી શકાય છે. અબ્રાહમ લિંકન માટે પણ આવી જ ચિંતા પેદા થઈ છે. આ એ જ એરક્રાફ્ટ કેરિયર છે જેનો ઉપયોગ અમેરિકાએ તાજેતરમાં ઈરાન સામે લશ્કરી કાર્યવાહીમાં કર્યો હતો. ઈરાનની રાજ્ય સમાચાર એજન્સી IRNA ને ટાંકીને IRGC એ દાવો કર્યો હતો કે ઈરાની સશસ્ત્ર દળોએ ઓપરેશન ટ્રુ પ્રોમિસ-૪ ના ભાગ રૂપે અમેરિકન એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન પર ચાર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો.

અમેરિકાએ ઈરાનના દાવાને ફગાવી દીધો છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે સ્પષ્ટતા કરી છે કે તેના યુદ્ધ જહાજ અબ્રાહમ લિંકન પર કોઈ હુમલો સફળ થયો નથી. કમાન્ડ અનુસાર, ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઇલો યુદ્ધ જહાજની નજીક ક્યાંય પણ પહોંચી શકી ન હતી અને રસ્તામાં જ નાશ પામી હતી. અમેરિકન સેનાએ જણાવ્યું હતું કે યુદ્ધ જહાજ અબ્રાહમ લિંકન સંપૂર્ણપણે સુરક્ષિત છે. અમેરિકન સેનાની વાત સાચી માની લઈએ તો પણ એટલું તો નક્કી છે કે ઈરાન દ્વારા અબ્રાહમ લિંકનને ટાર્ગેટ કરીને કેટલીક મિસાઈલો છોડવામાં આવી હતી, જેનો રસ્તામાં જ નાશ કરવામાં આવ્યો હતો. ઈરાન ફરીથી મિસાઈલો છોડી શકે છે અને જો તેના મિસાઈલ પોતાનું ટાર્ગેટ હાંસલ કરે તો નાનકડા મિસાઈલથી રાક્ષસી કદના યુદ્ધજહાજનો નાશ કરી શકાય તેમ છે.

યુએસએસ અબ્રાહમ લિંકન એ નિમિત્ઝ-ક્લાસ પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજ છે. ૧,૦૦,૦૦૦ ટનથી વધુ વજન ધરાવતું અબ્રાહમ લિંકન આશરે ૧,૧૦૦ ફૂટ લાંબુ છે અને અત્યાર સુધીના સૌથી મોટા યુદ્ધ જહાજોમાંનું એક છે. આ વિશાળ જહાજ ૬૦ થી ૯૦ ફાઇટર જેટ, હેલિકોપ્ટર અને સર્વેલન્સ વિમાનો લઈ જઈ શકે છે. તે હવાઈ કામગીરી માટે મુખ્ય કમાન્ડ સેન્ટર અને લોન્ચ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. યુએસએસ અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર એક સમુદ્ર આધારિત વિમાનવાહક છે, જે એકલું જ સમગ્ર સૈન્ય પર વિનાશ વેરવા સક્ષમ છે. દાવો કરવામાં આવ્યો છે કે ઈરાન પરના તાજેતરના હુમલાઓ અબ્રાહમ લિંકનના એરક્રાફ્ટનો ઉપયોગ કરીને કરવામાં આવ્યા હતા. યુએસએસ અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર ૬૫ થી વધુ વિમાનોને લઈ જઈ શકે છે, જેમાં FA-૧૮ સુપર હોર્નેટ ફાઇટર જેટનો પણ સમાવેશ થાય છે.

યુએસએસ અબ્રાહમ લિંકનના કાફલામાં આશરે ૫,૦૦૦ થી ૬,૦૦૦ લશ્કરી કર્મચારીઓ હોવાના અહેવાલ છે. આમાં પાઇલટ, એન્જિનિયર, ખલાસીઓ અને સહાયક સ્ટાફનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓ વિમાન ચલાવે છે, શસ્ત્રો પ્રણાલીઓનું સંચાલન કરે છે, જહાજની કામગીરીનું સંચાલન કરે છે અને ચોવીસ કલાક લડાઇ મિશનનું સંચાલન કરે છે. જો અબ્રાહમ લિંકન ડૂબી જાય તો અમેરિકાને કેટલો મોટો ફટકો પડે તેની કલ્પના પણ કરી શકાય તેમ નથી. ઇરાનના મિસાઈલ હુમલા પછી અબ્રાહમ લિંકનને ઇરાનના કિનારાથી દૂર લઈ જવામાં આવ્યું છે. હવે અબ્રાહમ લિંકનનું રક્ષણ કેવી રીતે કરવું, તેની ચિંતા અમેરિકાને સતાવી રહી છે.

ટુ ધ પોઈન્ટ
સમકિત શાહ

આ પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજ ૧૯૮૯ માં યુએસ નેવીમાં જોડાયું હતું અને તેને અમેરિકાના સૌથી મોટા અને સૌથી અદ્યતન વિમાનવાહક જહાજોમાંનું એક ગણવામાં આવે છે. અમેરિકાના ૧૬મા રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનના નામ પરથી આ એરક્રાફ્ટ કેરિયર ૧૧ નવેમ્બર, ૧૯૮૯ ના રોજ સેવામાં આવ્યું હતું અને તે યુએસ નેવીના એટેક કેરિયર સ્ટ્રાઈક ગ્રુપનો ભાગ છે. અબ્રાહમ લિંકન સાથેના જૂથમાં ત્રણ માર્ગદર્શિત મિસાઇલ વિનાશક જહાજોનો પણ સમાવેશ થાય છે. તેનું વજન આશરે ૧૦૦,૦૦૦ ટન છે અને તે આશરે ૫૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે મુસાફરી કરી શકે છે. આ વિમાનવાહક જહાજ અગાઉ અરબી અખાત અને ઓમાનના અખાતમાં તૈનાત થઈ ચૂક્યું છે. ૧૯૯૦ના દાયકામાં કુવૈતમાંથી ઇરાકી દળોને બહાર કાઢવાના ઉદ્દેશ્યથી ચલાવવામાં આવેલા ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મ દરમિયાન તેને આ પ્રદેશમાં જાસૂસી મિશન પર મોકલવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેણે ૧૯૯૫, ૧૯૯૮ અને ૨૦૦૦માં ઓપરેશન સધર્ન વોચ તરીકે ઓળખાતા અરબી ખાડીમાં ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સના પેટ્રોલિંગ ઓપરેશનમાં ભાગ લીધો હતો. ઇરાક પર અમેરિકાના આક્રમણ પહેલા આ યુદ્ધ જહાજ મધ્ય